શ્રી રામચંદ્ર મીશન®
અંગત પ્રકાશન માટે
મે 2013 વર્ષ 6, અંક 3
ECHOES
INDIA

# પૂજ્ય બાબુજી મહારાજની 114મી જન્મજયંતિનો ઉત્સવ





તાજેતરમાં તિરૂપુરના ડાયમંડ જ્યુબીલી પાર્ક ખાતે પૂર્ણ થયેલા પૂજ્ય બાબુજી મહારાજની 114 મી જન્મજયંતિના ઉત્સવ દર અમિયાન આપણા પ્રિય ગુરુજીએ ફરી એક વાર આપણા પર તેમના શાશ્વત પ્રેમની વર્ષા કરી અને મિશનને વધારે નવી ઊંચાઈ પર લાવી મૂક્યું.

ભાઈ કમલેશ 26મી તારીખે તિરૂપુર પહોંચ્યા. જે સવલતો તૈયાર હતી, તેનું તેમણે ઉદ્ઘાટન કર્યું. તારીખ 29મીથી દરરોજના ત્રણ સત્સંગ રહેતા, જેનો સમય હતો, સવારના 6.30, સવારના 11 અને સાંજે 5.30. તારીખ 27 અને 28મીના રોજ, સ્વયંસેવકો માટે રાત્રે 9 વાગ્યાના સત્સંગ પણ રહેતા. રવિવારે, તારીખ 28મી મેના રોજ, ભાઈ કમલેશે સવારના સત્સંગ પછી પાંચ લગ્નો કરાવ્યાં.

તારીખ 26મીથી અભ્યાસીઓ આવવાની શરૂઆત થઈ અને ઉત્સવની તમામ સવલતો યોગ્ય રીતે સચવાઈ જાય, તેની ખાતરી કરી લેવામાં સ્વયંસેવકો જોડાયા. અભ્યાસીઓની વિવિધ જરૂરિયાતો માટે ટેન્ટ્સ, જમવાની જગ્યા, રસોડું, પાણીપુરવઠો, ગટરવ્યવસ્થા, બાળકોનું કેન્દ્ર, પ્રકાશનવિભાગ વગેરે તૈયાર થઈ ગયા હતા. _જ્યાં પણ જરૂર હતી, ત્યાં અભ્યાસીઓ મદદ કરવા લાગતા હતા. એક યુવા કિશોરે જણાવ્યું કે "મેં જોયું કે સ્વયંસેવકો તેમના હૃદયથી કાર્ય કરી રહ્યા હતા."



આપણા ભંડારા આધ્યાત્મિક ભવ્યતાના પ્રસંગો હોય છે. તે આપણને શીખવાડે છે કે આધ્યાત્મિક ભવ્યતા અને ભૌતિક સાદાઈથી જીવન કેવી રીતે જીવવું. તારીખ 29મી એપ્રિલના રોજ, ભંડારાના પ્રથમ દિવસે ભાઈ કમલેશે આ બાબત પર ભાર મૂક્યો. તેમણે બાબુજી મહારાજના વ્હિસ્પર્સના આવી રહેલા બે સંદેશાઓનું પઠન કર્યું અને જણાવ્યું કે માનવતાના પુન:ઘડતરની આ મહાન યોજનામાં અભ્યાસીની ભૂમિકા શું છે.

તારીખ 29મીએ જ્યારે જાહેર કરવામાં આવ્યું કે બીજા દિવસે વિડિયો ટેલિકાસ્ટ દ્વારા પૂજ્ય





ગુરુજી સંબોધન કરવાના છે, ત્યારે આનંદથી અભ્યાસીઓના હૃદયની ધડકન વધી ગઈ હતી. ત્યારથી, મેડિટેશન હોલના વિશાળ ટી.વી.સ્ક્રીનના પડદા પર ગુરુજી ક્યારે પધારે, તેની આતુરતાથી રાહ જોવાઈ રહી. જ્યારે તેઓ મણપક્કમ ખાતે બાબુજી મેમોરિયલ આશ્રમના મેડિટેશન હોલમાં પધાર્યા, ત્યારે સૌનાં હૃદયો પ્રેમથી છલકાઈ ગયાં અને આંખોમાં ભીનાશ છવાઈ ગઈ. આ ક્ષણ પ્રેમ અને કૃતજ્ઞતાની હતી. તે પછીના સત્સંગ અને બાબુજી મહારાજના વિશેષ સંદેશાથી આપણને મિશન સૌની દિવ્ય સંભાળ લઈ રહ્યું છે અને અભ્યાસીઓ સચવાઈ રહ્યા છે, તેની ખાતરી થઈ. બાબુજીએ તેમના સંદેશામાં કહ્યું, "કપરો નહીં પણ નિયમિત અભ્યાસ અને તેના આધારે ઉદભવતી હૃદયની વચનબદ્ધતા જ આધ્યાત્મિક હૃદયને સર્વોચ્ચ સ્થાન સુધી ઉન્નત કરી શકે છે."

ભાઈ કમલેશે તા.29મીએ ચાર, તા.30મીએ ત્રણ અને તા.1લીએ ચાર લગ્નો કરાવ્યાં અને આમ તેમણે તા.28મીએ કરાવેલા લગ્નોમાં ઉમેરો થયો. સહજ માર્ગ રીતે થતા આ લગ્નો સાદગી વિશે અને વિવિધ દેશ, વિવિધ સંસ્કૃતિ અને ભાષા ધરાવતા કુટુમ્બોમાં ઐક્ય સ્થાપવા વિશે ઘણું બધું કહી જાય છે.

આ વર્ષના ઉત્સવમાં 33,000 અભ્યાસીઓ અને બાળકોએ ભાગ લીધો હતો. આવું વિશાળ કુટુમ્બ ત્રણ દિવસ આનંદપૂર્વક એકસાથે રહી શક્યું, તેનો આભાર પ્રાંગણમાં નિષ્ઠાથી કાર્ય કરી રહેલા સ્વયંસેવકોનો માનવો રહ્યો, કે જેમના હૃદયનો સંચાર માઈલો દૂર બેઠેલા ગુરુજી કરી રહ્યા હતા.



શું કોઈ જવાબ આપી શકે ખરું કે એવું કેવી રીતે બને કે જ્યાં દરરોજના ત્રણ ભોજન પીરસાતા હોય અને આશરે 25,000 લોકો જમતા હોય, તેમ છતાં સહેજ પણ બગાડ ન થાય ? આખાય વિસ્તારમાં 23 જેટલા સીક્યુરીટી પ્રવેશદ્વાર હતા, જ્યાં રોજની ત્રણ પાળીમાં આપણા અભ્યાસી ભાઈઓ કામ કરતા હતા. રહેઠાણ વ્યવસ્થામાં કાર્યરત જૂથે બે મહિના પહેલાં, સૌ પ્રથમ કામ શરૂ કર્યું હતું કે જેથી આપણને રહેવાની સુવિધા પૂરી પડે. સમગ્ર વિસ્તારમાં, ખાસ કરીને રસોડું અને કેન્ટીનની જગ્યાએ એક પણ માખી જોવા નહતી મળતી. સ્વાસ્થ્ય, ગટરવ્યવસ્થા, હાઉસકીપીંગ કાર્યમાં પરોવાયેલા જૂથો એકતાથી કામ કરી રહ્યા હતા કે જેથી આપણું રોકાણ સ્વસ્થ અને આરામદાયક રહે. આપણી સગવડ ખાતર તેઓ કેટલીય રાત ઊંઘ્યા નહીં હોય. તેમના આરામના સમયમાં પણ તેઓ કચરો નિકાલવ્યવસ્થા માટે કચરાના પીપો ઊંચકીને લઈ જતા હતા. તેમની આ સખત મહેનતનું પરિણામ એ છે કે 2012ના ભંડારામાં ગેસ્ટ્રોએન્ટ્રાઈટીઝ –પેટના દર્દોની સંખ્યા 202 હતી, જ્યારે આ વર્ષે આંકડો 102 હતો, જેમાં મુખ્યત્વે મુસાફરીને કારણે ઝાડા થયા















હોય, તેવા દર્દીઓ હતા, અહીં સ્થળ પર કોઈને પેટના દર્દો થયા નહતા. આનું બીજું કારણ એ પણ હતું કે પીવાનું પાણી આર.ઓ પ્લાન્ટ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. તિરૂપુરમાં ગરમી હોવાથી 6 લાખ લીટર પાણી આર.ઓ પ્લાન્ટ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું અને આ ત્રણ દિવસમાં અન્ય વપરાશ માટે 24 લાખ લીટર પાણી વપરાયું હતું. ટ્રાવેલ-ડેસ્કના બાર કાઉન્ટર, વાઈ-ફાઈ ઈન્ટરનેટ કનેક્શનથી સજ્જ હતા અને અભ્યાસીઓની પ્રવાસલક્ષી જરૂરિયાતને પૂરી પાડતા હતા.





આ ઉત્સવ દરમિયાન નવાં ઘણાં પ્રકાશનો બહાર પાડવામાં આવ્યા હતા, જેમાં કેટલીક વિશેષ રીલીઝ હતી, કેટલાંક નવીન પુસ્તકો હતા અને કેટલીક ભાષાઓમાં બહાર પાડવામાં આવેલા પુનઃમુદ્રણ પણ હતા. મિશનના પ્રકાશનોમાંથી પસંદ કરવા માટે ઘણો વિશાળ જથ્થો હતો. તે ઉપરાંત આપણા ગુરુજીઓના ફ્રેમ કરેલા, સુંદર ફોટોગ્રાફ્સથી સજ્જ ફોટો-ગેલરી આમાં વધારો કરતી હતી.




જ્યારે મોટાંઓ સત્સંગ કરી રહ્યા હતા, ત્યારે બાળકોને તેમના વયજૂથ પ્રમાણે, પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમોમાં વ્યસ્ત રાખવામાં આવતા હતા. આ વખતે સૌ પ્રથમ વખત 12 થી 17 વર્ષના બાળકો માટે પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. તેમને ભંડારામાં થતી પ્રવૃત્તિઓ અને કેટલાંક વિભાગોની ટુર આપવામાં આવતી હતી કે જેથી તેઓ ભંડારામાં કાર્ય કેવી રીતે થાય છે, તે જાણી શકે.

ભાઈ કમલેશે ઝોન-ઈન-ચાર્જ, સેન્ટર-ઈન-ચાર્જ તથા આર્કાઈવીંગ ટીમ સાથે મીટીંગ યોજી હતી. કેટલાંક સ્વયંસેવક જૂથોને પણ તેમની ભાવિ યોજનાઓ વિશે ચર્ચા-વિચારણા કરવા માટે આ સમય અને તક યોગ્ય લાગ્યા હતા.



આપણું રોકાણ આરામદાયક રહે, તે માટે ઘણાં લોકો દિવસ અને રાત કાર્ય કરતા હતા. હકીકત એ છે કે ભંડારા દરમિયાન જે બધું બન્યું, તેને માત્ર શબ્દોમાં વર્ણવી ન શકાય. ભાઈ કમલેશે તેમના સમાપન વકતવ્યમાં કાર્ય કરી રહેલા, દિવ્યના આ કાર્યકરોનો આભાર માન્યો હતો અને આ એ લોકો હતા કે જેઓ કોઈનુંય ધ્યાન ખેંચ્યા વિના, ગુરુજીની ઈચ્છા પ્રમાણે શાંતિથી તેમનું કામ કરતા હતા. કૃપાના આ પ્રવાહમાં ઉમેરો છેલ્લે દિવસે થયો, કે જ્યારે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું કે આપણા પ્રિયતમ ગુરુજીનો જન્મોત્સવ આ વર્ષે તિરૂપુરમાં યોજવામાં આવશે. હવે તે પ્રસંગ આવવાની ઘડીઓ ગણાઈ રહી છે કે જ્યારે આપણાં પ્રિયતમ આપણાં હ્રદયો ફરીથી પ્રેમથી ભરી દેશે.





## ફેબ્રુઆરી 2013

પૂ.ગુરુજી ખૂબ વ્યસ્ત હતા અને પરિણામે, ખૂબ થાકી પણ ગયા હતા. દરરોજ તેઓ પ્રશિક્ષક માટેની ત્રણ સિટિંગ આપતા હતા તેમજ મોટાભાગના દિવસોમાં તેમની આસપાસના અભ્યાસીઓને પણ સિટિંગ આપતા હતા. તદુપરાંત, તેમના શારીરિક દુ:ખાવાને દૂર કરવા માટે તેઓ ફ્રાન્સના અભ્યાસી ભાઈ પિયરે પાસેથી કોઈ સારવાર લઈ રહ્યા હતા, જેનાથી તેમના શરીરને રાહત પણ મળતી. કામકાજ અને સ્વાસ્થ્યના આ તમામ દબાણો વચ્ચે, પૂજ્ય ગુરુજીએ સમય ફાળવીને લગભગ પચાસ આઈ.એસ.પી.ટી. માં ભાગ લેનારાઓને ગાયત્રી આવવાનું આમંત્રણ પાઠવ્યું હતું.

તેમણે લાલાજી મહારાજ ઓમેગા ઈન્ટરનેશનલ સ્કૂલના બારમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને પણ આમંત્રણ આપ્યું હતું અને તેમણે તે પર વક્તવ્ય આપતા કહ્યું કે આપણે માત્ર યાદ જ રાખવાનું નથી, પણ આપણે તે પચાવવાનું હોય છે. વિદ્યાર્થીઓએ જે મહત્ત્વનું હોય, તેને હૃદયથી ચકાસી, અને પચાવવું જોઈએ અને જે બિનજરૂરી હોય, તેને દૂર કરવું જોઈએ. તેમણે કહ્યું કે શિક્ષકોએ આ બાબતમાં વિદ્યાર્થીઓને મદદ કરવી જોઈએ.

એક અભ્યાસીએ જણાવ્યું કે તે જ્યારે તેની સફાઈ કરી રહ્યો હતો, ત્યારે તેને અચાનક શરીરમાંથી વીજળી પસાર થઈ ગઈ હોય, તેવો ઝાટકો લાગ્યો હતો અને તે આ અનુભવથી ખૂબ ભયભીત થઈ ગયો હતો. ગુરુજીએ જવાબ આપ્યો, "આ માટે ભયભીત થવાની કોઈ જરૂર નથી. જુઓ, દરેક વ્યક્તિ એક દિવસ તો મૃત્યુ પામવાની જ છે અને આ વાત ટાળી શકાવાની નથી. જો આ રીતે સમજીએ, તો આપણે કશાયથી પણ શા માટે ડરવું જોઈએ?"

## માર્ચ 2013

પૂ.ગુરુજી માર્ચ મહિનાની શરૂઆતથી ગાયત્રીમાં રહેતા હતા કારણ કે માસ્ટરની કૉટેજમાં કામ ચાલી રહ્યું હતું અને તે પૂરું થવા આવ્યું હતું. ભાઈ ક્રિષ્ના કોટેજની મુલાકાત નિયમિતપણે લેતા હતા કે જેથી કામ પર નજર રાખી શકાય. કોટેજની આજુબાજુ, બગીચામાં પણ ખૂબ લોકો કામ કરી રહ્યા હતા.

મોટા ભાગે બપોરે ગુરુજી 'ઉપનિષદગંગા' નામની નવી ટીવી સીરીઝના એપિસોડ્સ જોતા હોય છે. તેઓ દરેક એપિસોડ જોતા હોય છે અને તેમને લાગે છે કે સરસ કથા ઉપરાંત તેનું નિર્દેશન પણ ખૂબ સરસ છે.



માર્ચની 14મી તારીખે ગુરુજીના પગમાં અત્યંત દુ:ખાવો થયો અને સ્કેન કરવા માટે તેમને હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા. તેમને દર્દનાશક દવાઓ આપવામાં આવી હતી અને હમણાં બે–ત્રણ દિવસ નહીં ચાલવાની સલાહ આપવામાં આવી હતી.

## પુન: તૈયાર થયેલા કોટેજનું ઉદઘાટન

માર્ચની 22મીએ સવારે આઠ વાગે પૂ.ગુરુજી મેડિટેશન હૉલમાં આવ્યા. હજી પણ ઘણાં અભ્યાસીઓ હૉલમાં આવી રહ્યા હતા અને ગુરુજીએ ધૈર્યતાપૂર્વક લગભગ 15 મિનિટ રાહ જોઈ અને પછી સત્સંગ કરાવ્યો, જે લગભગ પચાસ મિનિટ સુધી ચાલ્યો હતો. પછી તેમણે એક વિવાહ કરાવ્યો અને ત્યાર બાદ તેમણે ત્રણ નવીન પુસ્તકોનું વિમોચન કરાવ્યું. પછી તેઓ કૉટેજમાં ગયા અને તેમાં પ્રવેશ કરતા તેમણે કહ્યું, "હું આ કૉટેજથી છ મહિના દૂર રહ્યો છું." તેમણે રિબિન કાપી અને હૉલની વચ્ચે મૂકેલો દીવો પ્રગટાવ્યો. તેમણે તેમના રૂમમાં પ્રસાદ અર્પણ કર્યો અને હાજર સૌને તે વહેંચ્યો. એક બહેને કહ્યું કે આ તેની ત્રીસમી વર્ષગાંઠ હોવાથી તેને લાગે છે કે તે હવે ઘરડી થઈ ગઈ છે. ગુરુજીએ કહ્યું, "હું તારાથી ઉંમરમાં ત્રણ ગણો છું અને હજી યુવાન હોવાનું અનુભવું છું. ઉંમર સાથે ડહાપણ આવે છે. હું ઘરડો નથી થયો, હા મારું શરીર ઘરડું થયું છે." અમેરિકાથી આવેલા એક બીજા અભ્યાસીએ કહ્યું, "હું આપનાથી શારીરિક રીતે દૂર હોવાનો વિયોગ કેવી રીતે સહન કરી શકું." ગુરુજીએ કહ્યું, "જ્યારે પણ તમે એકલા હો, ત્યારે એવું વિચારજો કે ગુરુજી તમારી સામે બેઠા છે." અભ્યાસીએ કહ્યું, "હું એવો વિચાર તો કરી શકું પણ એ સાચું હોય કે નહીં તેની મને શંકા છે." ગુરુજીએ કહ્યું, "પશ્ચિમથી આવતા અભ્યાસીઓની આ જ તો સમસ્યા છે. શંકાનો જન્મ બુદ્ધિમાંથી થાય છે. જ્યારે કોઈ વૈજ્ઞાનિક કહે કે અણુ છે, તો તમે તેને માનો છો. તમે તેના પર શંકા કેમ નથી કરતા? શું તમે ક્યારેય કોઈ અણુ જોયો છે? વિજ્ઞાન અને આધ્યાત્મિકતામાં આ જ ભેદ છે કે આપણે વિજ્ઞાન કહે છે તે માનીએ છીએ પણ આધ્યાત્મિકતા તરફ શંકા કરીએ છીએ."

## અષ્ટાંગ યોગા અને સહજ માર્ગ

બુધવારે, 27મી માર્ચે હોળી હતી અને થાકી ગયા હોવા છતાં ગુરુજી ઘણાં બધાં અભ્યાસીઓને પ્રસન્નતાથી મળ્યા. ગુરુજીનું કુટુમ્બ સવારે આઠ વાગે આવી ગયું હતું અને ભાર્ગવનો જન્મદિન હતો, તેથી ગુરુજીએ પ્રસાદ અર્પણ કર્યો અને તેમની ઓફિસમાં સત્સંગ કરાવ્યો. બપોરે ગુરુજીએ 'ઉપનિષદગંગા'ના બે એપિસોડ્સ જોયા અને પછી,



પ્રાચીન અષ્ટાંગ યોગામાંથી સહજ માર્ગ કેવી રીતે ઉન્નત થયો, તે વિશે ચર્ચા શરૂ થઈ. ગુરુજીએ કહ્યું:

યમ અને નિયમ, ઘરે માબાપ પાસેથી અને શાળાના શિક્ષકો પાસેથી શીખવાના હોય છે. આસન અને પ્રાણાયમ – જ્યારે આપણે ધ્યાન કરીએ, ત્યારે શ્વાસનું નિયમન સ્વાભાવિક રીતે થાય છે. કોઈવાર જો તમે ધ્યાનમાં ઊંડા ઉતરી ગયા હો, તો 2–3 મિનિટ તમે શ્વાસ લેતા પણ નથી હોતા. આમ તે બધું આપમેળે થાય છે. પછી, છોડી દેવું, પ્રાપ્ત કરવું, બધું જ જતું રહે છે. ધ્યાન –આપણે કરીએ છીએ. સમાધિ એટલે યોગમાં જે રીતે પત્થર–જેવી અવસ્થાને સમાધિ કહે છે, તે નહીં, પરંતુ સમાધિ એટલે આંતરિક હાલત, જેવી શરૂઆતમાં હતી, તેવી. શરૂઆત એટલે 'સદાકાળ શરૂઆત.' તો સહજ માર્ગ આ શીખવે છે. જો તમે ઊંડું ધ્યાન કરો, તો તમે એ અનુભવો છો. જેમકે આજના સવારના ધ્યાનમાં હું ક્ષણવારમાં જ ઊંડો ઉતરી ગયો હતો. જ્યારે મેં 'પ્લીઝ શરૂ કરો' કહ્યું, તે સાથે જ હું ઊંડો ઉતરી ગયો હતો. હું જેમ કહેતો હતો, કે હવે મને સમજાય છે કે મહાસમાધિ એટલ શું, એટલે તમે ધ્યાનમાં એવા ઊંડા ઉતરી જાઓ કે ક્યારેય પાછા ન આવો. તેમાંથી પાછા આવવાનું વધારે ને વધારે મુશ્કેલ બને છે. કેટલીક વાર જ્યારે હું સિટિંગ ચાલુ કરું, ત્યારે એક કલાક થઈ ગયો હોવા છતાં મને એમ જ લાગે છે કે જાણે માત્ર કેટલીક સેકન્ડ્સ જ થઈ હોય. બે–ત્રણ પ્રસંગે તો એવું બન્યું કે હું ગૂંચવાયો કે 'પ્લીઝ શરૂ કરો' કહેવું કે 'પૂરું કરો' કહેવું. તેથી મેં મારી આંખો ખોલી અને મને દેખાયું કે બધાં ધ્યાન કરી રહ્યા હતા –તેથી મેં કહ્યું, 'પૂરું કરો.'

નવા કૉટેજમાં આવ્યાના પહેલા અઠવાડિયે ગુરુજી ભોજન માટે જમવાના રૂમ સુધી આવવાનો પ્રયાસ કરતા હતા પણ પછી તેમણે તેમના રૂમમાં જ જમવાનું શરૂ કર્યું. તેઓ જ્યારે ચાલવાની શરૂઆત કરતા હતા, ત્યારે તેમના પગમાં ખૂબ પીડા થતી હતી અને તેમના ઢીંચણમાં અતિશય દુ:ખાવો હતો.

## અભ્યાસીઓના મિશ્ર અનુભવો

એક દિવસ પૂનાથી એક અભ્યાસી બહેન તેમની દીકરીને લઈને ગુરુજીને મળવા આવ્યા હતા. તેમની દીકરી પશુચિકિત્સક સર્જન બનવાનું ભણી રહી હતી અને ગુરુજીએ ખૂબ રસથી તેના શિક્ષણ વિશે અને તેણે અત્યાર સુધીમાં કઈ સર્જરી કરી છે, તે વિશે તેને પ્રશ્નો પૂછ્યાં.

ગુરુજીને કહેવામાં આવ્યું કે જબલપુર અને ગુંજ બસોડાથી અભ્યાસીઓ આવ્યા હતા અને તેમને મળવા ઈચ્છતા હતા. ગુરુજીએ ખુશ થઈને કહ્યું કે જબલપુર તેમનું સેન્ટર હતું અને તેમને સાંજે પાંચ વાગે આવવા કહ્યું. અભ્યાસીઓ ભેગા થાય તે પહેલાં ગુરુજી તૈયાર થઈ ગયા હતા અને સ્વયંસેવકોને તેમની ખુરશી મૂકવા માટે દોડાદોડ કરવી પડી. ગુરુજીએ સત્સંગ કરાવ્યો અને અને પછી તેમને મળવા માટે હોબાળો થયો. ખૂબ અવ્યવસ્થા થઈ ગઈ અને ગુરુજી અસ્વસ્થ થયા હોવાનું જણાતું હતું. નાસ્તો પીરસવામાં આવ્યો હતો. ગુરુજીના ચરણસ્પર્શ નહીં કરવાની વારંવાર વિનંતીઓ કરવા છતાં દરેક અભ્યાસીને તેમ કરવું જ હતું. આવા પ્રસંગોમાંથી આપણે શીખીએ તે અગત્યનું છે અને પૂ.ગુરુજીની ઉપસ્થિતિમાં આપણું વર્તન કેવું હોવું જોઈએ તે માટે આપણે બદલાવું જોઈએ.

## રવિવાર માર્ચ 31, 2013

નાણાંકીય વર્ષનો અંતિમ દિવસ હોવાથી ગુરુજીને માટે તે ઘણો વ્યસ્ત દિવસ હતો. એકાઉન્ટ્સની ટીમ સાથે, બંધ ઓરડામાં રાખવામાં આવેલી તેમની મીટીંગ ત્રણેક કલાક સુધી ચાલી. ગુરુજીએ બપોરનું ભોજન લીધું અને પછી તરત તેઓ ગાયત્રી ગયા. તેમણે કેટલાંક દિવસ ત્યાં મુકામ કર્યો કારણ કે કૉટેજમાં કેટલીક ચીજોનું સમારકામ ચાલી રહ્યું હતું. તેમની પૌત્રી માધુરી પણ ચેન્નાઈમાં હોવાથી ગુરુજીએ કેટલોક સમય તેની સાથે પણ ગાળવાનું નક્કી કર્યું. તેમનો દૈનિક જીવનક્રમ ગમે તેટલો વ્યસ્ત કે મુશ્કેલ હોય, પણ ગુરુજીએ આપણને સંતુલિત જીવન કેવી રીતે જીવવું, તે જણાવ્યું છે અને તેમના કુટુમ્બ પ્રત્યે ધ્યાન આપીને તેઓ આપણે માટે ઉદાહરણરૂપ છે.

## એપ્રિલ 2013

ગાયત્રીમાં હતા ત્યારે વાત નીકળી કે રાજકરણીઓ તેમની શક્તિનો ઉપયોગ કેવી સ્વાર્થી વૃત્તિથી કરે છે. હમણાંની કેટલીક ઘટનાઓ સાંભળીને ગુરુજી ખૂબ વ્યથિત થઈ ગયા હતા. ઉચ્ચ હોદ્દાઓ પર રહેલા લોકો ભ્રષ્ટાચાર અને શક્તિનો દુરુપયોગ કરે છે, તેનાથી ગુરુજી ખૂબ નારાજ છે અને તેઓ જણાવતા હોય છે કે હવે આ બધું વધારે ને વધારે વ્યાપ્ત થઈ રહ્યું છે.

એક દિવસ ચેરોકી (અમેરિકન ઈન્ડીયન)થી એક બહેન ગાયત્રી આવ્યા. તેમણે હમણાં જ પ્રારંભિક સિટિંગ લીધી હતી અને તેઓ ગુરુજીને મળવા આવ્યા હતા. ગુરુજીએ કહ્યું, "તમે પ્રથમ અમેરિકન ઈન્ડીયન અભ્યાસી છો. જરા નજીક આવો, જેથી હું તમને જોઈ શકું."

ગુરુજીએ તેણીની આંખોમાં ઊંડાણથી જોયું. તેણીએ કહ્યું કે તેનું નામ ગાયત્રી છે. ગુરુજીએ જણાવ્યું, "જ્યારે મારો પુત્ર ક્રિષ્ના પાંચ વર્ષનો થયો, ત્યારે અમે આ ઘર બંધાવ્યું અને તે સહજ માર્ગ પહેલાંનો સમય હતો. અમે સૌ ગાયત્રી મંત્ર જપતા હતા. તેથી અમે તે પરથી આ ઘરનું નામ પાડ્યું." ગુરુજીએ તેણીને તેનું ખરું નામ પૂછ્યું, તો તેણે જણાવ્યું કે જ્યારે તે નાની હતી, ત્યારે તેણીને 'લિટલ ડિયર' કહેવામાં આવતું. ગુરુજીએ તેણીને આસપાસ બેઠેલા અભ્યાસીઓની ઓળખાણ આપી કે જેથી તેને ઘર જેવું લાગે.

ગુરુજી આધેડ વયનાં પતિ–પત્નીને મળ્યાં, જેમણે કહ્યું કે તેમનો દીકરો યુ.એસ.એ માં છે અને ભારત આવવા માંગતો નથી, તેથી તેઓ તેને મળવા યુ.એસ.એ જઈ રહયા છે. ગુરુજી ખૂબ દુખી થયા અને કહ્યું કે તેમને આ બિલકુલ પસંદ નહતું. "આ મારી તમને શિખામણ છે પરંતુ નિર્ણય તમે જાતે લઈ શકો છો કે તમારે શું કરવું છે." આવું ક્યારેક જ બને છે જ્યારે માસ્ટર આવી સીધી શિખામણ આપે છે.

આ અઠવાડિયે ગુરુજીએ તેમની પૌત્રી માધુરી સાથે ઘણો સમય વીતાવ્યો. તેઓ તેને એક દિવસ મોલમાં લઈ ગયા અને ભેટ અપાવી. ગુરુજી આ ભેટો કેવી રીતે આપે છે એ જોવું ખૂબ રસપ્રદ છે. તેઓ કુટુંબનાં બીજા સભ્યો માટે પણ ભેટો લાવ્યા હતા અને કાળજીથી ખાતરી કરી લેતા હતા કે બધી જ ખરીદીની રસીદો સચવાય અને પછી બધી ભેટો ખૂબ પ્રેમથી અને આશીર્વાદથી આપતા. તેમના બધાં જ કામમાં ખૂબ જ કાળજી, ભલાઈ અને પ્રેમ હોય છે.

12મી એપ્રિલ, શુક્રવારે માધુરી લંડન જવા રવાના થઈ ગઈ. તે પછી ગુરુજી મણપાક્કમ આશ્રમનાં કોટેજમાં આવ્યા. તેઓને તેમનાં જમણા પગ અને જમણા હાથમાં સતત દુખાવો થતો હતો. 17 એપ્રિલ બુધવારે માસ્ટર મણપાક્કમનાં એમ.આઈ.ઓ.ટી હોસ્પીટલમાં એમ.આર.આઈ સ્કેન માટે ગયા, જેનાથી જણાયું કે તેમણે થોડો સમય માટે રેડીએશન ટ્રીટમેન્ટ લેવી પડશે. બધેજ દુઃખનું વાતાવરણ હતું પરંતુ તા. 20 મી એપ્રિલે મેડીટેશન હોલમાં સત્સંગ માટે આવીને ગુરુજીએ સૌને ચોંકાવી દીધા. ત્યાર પછી તેઓ ચક્રપાણી દ્વારા તામિલમાં આપવામાં આવેલ પ્રવચન સુધી પણ બેઠા. તેમની માંદગી પણ તેમને તેમનું દૈનિક કાર્ય, આધ્યાત્મિક તેમજ વહીવટી કાર્ય કરતાં રોકી શકી નહીં. દુખાવો અને તકલીફ હોવા છતાં ગુરુજી હસતાં હસતાં બધું સહન કરે છે અને હંમેશાંની માફક તેજસ્વી દેખાય છે. સીટી સ્કેનથી તેમને થયેલ માંદગીનું સમર્થન થઈ ગયું. આપણે બધાં સાથે મળીને પ્રાર્થના કરીએ કે આ ખરાબ સમય જલ્દી પસાર થઈ જાય અને આપણાં પ્રિય ગુરુજી તેમની શક્તિ અને સ્વાસ્થ્ય ફરીથી મેળવી લે.

## ઉત્તર કર્ણાટકમાં આવેલા મુદનૂરનું નવું સેન્ટર

મુદનૂરમાં નવા સેન્ટરની શરૂઆત થઈ છે, ઉત્તર કર્ણાટકની જળસભર અને ઐતિહાસિક મહત્વ ધરાવતી આ જગ્યા છે. રવિવારે એક અભ્યાસીનાં ઘરે લગભગ ૧૫ અભ્યાસીઓ સત્સંગ માટે નિયમિત હાજરી આપે છે. નજીકના સેન્ટરોમાંથી પ્રશિક્ષકો આ સેન્ટરની નિયમિત મુલાકાત લે છે અને વ્યકિતગત ધ્યાનની બેઠક આપે છે.

તા. ૩૧ મી માર્ચના રોજ, મુદનૂર ગામની એક સ્કુલમાં એડવાન્સ ટ્રેનીંગ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. નજીકની જગ્યાઓનાં લગભગ ૬૦ અભ્યાસીઓએ આ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. સવાર અને સાંજનાં સત્સંગ ઉપરાંત સાધનાની પ્રારંભિક લાક્ષણિકતાની ઊંડાણથી ચર્ચા કરવામાં આવી હતી. ત્યાર પછી સવાલ–જવાબની બેઠક રાખવામાં આવી હતી.

સાંજના સત્સંગ પછી એક ઓપન હાઉસ રાખવામાં આવ્યું હતું જેમાં ૧૫ જેટલા ઉત્સુકોએ ભાગ લીધો હતો. ડો. ગજેન્દ્ર સિંઘ, બહેન મીરા કુલકર્ણી અને ભાઈ રાજુ કસમપુરકરે આ પ્રસંગે પ્રવચન આપ્યું હતું. પ્રતિસાદ ખૂબ જ સારો મળ્યો હતો અને થોડા ઉત્સુકોએ તેમની પ્રારંભિક બેઠક લેવાની તૈયારી પણ બતાવી હતી.

## અહમદનગરના મેડીટેશન હોલનું ઉદ્દઘાટન

ઝેડ.આઈ.સી ભાઈ અરૂણકુમાર ચૌહાણે તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૩ નાં રોજ મેડીટેશન હોલનું ઉદ્દઘાટન કર્યું. નજીકનાં જિલ્લાઓનાં અભ્યાસીઓ ઉદ્દઘાટન સમારોહમાં ભાગ લેવા માટે આવ્યા હતાં અને વાતાવરણ આનંદદાયી બન્યું. મેડીટેશન હોલ ભાઈ ખાનદેશી દ્વારા દાનમાં આપવામાં આવ્યો હતો અને લગભગ ૧૦૦ અભ્યાસીઓને સમાવી શકે એટલો મોટો હતો. આ મેડીટેશન હોલને કારણે સેન્ટરની નિયમિત પ્રવૃતિઓમાં મદદ થશે એવી આશા છે.

સવારનાં સત્સંગ પછી ઉત્સવની શરૂઆત ભજનથી કરવામાં આવી. ત્યાર પછી "ભક્તિ" ઉપર એક નાટક રજૂ કરવામાં આવ્યું, જેના દ્વારા સમજાવવામાં આવ્યું કે આપણી સાધનામાં ઝડપથી પ્રગતિ થાય તે માટે "ભક્તિ"નું શું મહત્ત્વ છે. ત્યાર બાદ એક ઓપન હાઉસ રાખવામાં આવ્યું, જેમાં સહજ માર્ગ અને જીવનમાં સંતુલનની જરૂરિયાત વિશે જણાવવામાં આવ્યું. બહેન ગીતાંજલિ કાલે દ્વારા નવી લાઈબ્રેરીનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું. ભોજન બાદ "આપવું" વિષયના મહત્ત્વ ઉપર એક સ્કીટ રજૂ કરવામાં આવી. સાંજનાં સત્સંગ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.





## અખિલ ભારતીય નિબંધ લેખન કાર્યક્રમ

આ કાર્યક્રમ, કેટલાક વખતથી યુ.એન.આઈ.સી અને એસ.આર.સી.એમ ના સંયુક્ત ઉપક્રમે દેશભરમાં યોજવામાં આવનારો વાર્ષિક કાર્યક્રમ છે. આ વર્ષે તેમાં ૯,૭૯૮ શૈક્ષણિક સંસ્થાઓમાંથી ૧,૯૦,૧૪૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગુરગાંવનાં ઝોનલ આશ્રમમાં તા. ૨૪ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય કક્ષાનો ઈનામ વિતરણ સમારોહ યોજાયો. ભારત અને ભૂટાનનાં યુ.એન.આઈ.સી નાં ડાયરેકટર, સુ.શ્રી કિરણ મેહરા–કેરપ્લમેન, અતિથિવિશેષ હતાં. આખા ભારતમાંથી વિજેતા વિવિયન એન્ડ્રુઝ અને સત્યર્થ શર્માએ નિબંધ લેખનથી તેમના મૂલ્યોના દ્રષ્ટિકોણ પર જે ફેરફાર આવ્યા, તે વિશે પોતાના વિચાર વ્યકત કરીને શ્રોતાઓએ પ્રભાવિત કર્યા.



ઝોનલ અને સંસ્થા લેવલનાં ઈનામ વિતરણ સમારોહ ભારતભરમાં ખૂબ જ ઉત્સાહથી રાખવામાં આવ્યા. અને આ સમારોહ સહજ માર્ગને સમાજમાં રજૂ કરવા માટે ઓપન હાઉસ પણ બની રહ્યાં.




ઓરીસ્સાના ભુવનેશ્વરમાં વિજેતાઓનાં વાલીઓએ આ પ્રસંગની અજોડતાની અને સેન્ટરમાં તેમને મળેલ આવકારની પ્રશંસા કરી. મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં પૂર્વ નાંણાંકિય રાજ્યમંત્રી શ્રી શાંતારામજી પોટ્ટુખે અતિથિવિશેષ હતા અને ઝેડ.આઈ.સી ભાઈ રાજેન્દ્રને જીવનમાં આધ્યાતિમક સાધનાની ભૂમિકા પર વકતવ્ય આપ્યું. ઝારખંડ, રાંચીમાં જાણીતા ઓર્થોપેડીક સર્જન, ડો. અનિલ કુમાર પાન્ડે અતિથિ વિશેષ હતા અને સીઆઈસીએ શ્રોતાઓને સહજ માર્ગ વિશે માહિતી આપી. ઝોનલ આશ્રમ થુમકૂન્તા, હૈદ્રાબાદમાં નેશનલ અને ઝોનલ લેવલનાં વિજેતાઓને ઈન્ટરનેશનલ પ્રોગ્રામ, બીટ્સ – પીલાની નાં વડા શ્રીમતી સુમન કપૂર દ્વારા મેડલ અને સર્ટીફીકેટ આપવામાં આવ્યા. આંધ્રપ્રદેશના ખમ્મમ આશ્રમમાં ડીઈઓ શ્રી સી.એચ વેંકટ રેડ્ડી અતિથિ વિશેષ હતા અને મૂલ્ય આધારિત શિક્ષણની જરૂરિયાત પર ચર્ચા કરવામાં આવી હતી. આંધ્રપ્રદેશના વિજયવાડા આશ્રમમાં સીઆઈસીએ જીવનમાં આધ્યાતિમકતાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો. તામિલનાડુના દેવકોટ્ટઈમાં ઝોનલ લેવલ ઈનામ વિજેતા એમ.પવિત્રનાં માનમાં એક શાળામાં નાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાતના મહેસાણામાં શાળા અને કોલેજ લેવલનાં વિજેતાઓ માટે બે જુદા કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા અને ઉપસ્થિત લોકોને સહજમાર્ગ વિશે માહિતી આપવામાં આવી હતી.






રાજસ્થાનમાં ઝોનલ લેવલનો કાર્યક્રમ અલ્વર આશ્રમ અને રાજગઢમાં રાખવામાં આવ્યો હતો. અલ્વરમાં સિનિયર હાયર સેકેન્ડરી સ્કુલ, સેન્ટ્રલ એકેડમીનાં પ્રિન્સીપાલ શ્રીમતી અંજના સહાય મુખ્ય મહેમાન તરીકે હાજર રહયા હતા અને ડીસ્ટ્રીકટ ઈન્સ્ટીટ્યુટ ફોર એજ્યુકેશન એન્ડ ટ્રેઈનીંગ (ડી.આઈ.ઈ.ટી) નાં પ્રિન્સીપાલ શ્રી વિષ્ણુ સ્વામી અતિથિ વિશેષ હતાં. કેરાલાના પયાનૂરમાં શ્રી શંકરાચાર્ય યુનિવર્સિટી ઓફ સંસ્કૃતનાં એસોસીયેટ પ્રોફેસર ડો. એ.કે. સુધર્માની અધ્યક્ષતામાં વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યાં હતાં.



## અભ્યાસમાં મૂળતત્ત્વોની તાલીમ માટેનો કાર્યક્રમ

અભ્યાસમાં મૂળતત્ત્વોની (જીઆઈટીપી)તાલીમ માટેના કાર્યક્રમનું સંચાલન, એ માટે તાલીમ પામેલા –ફેસીલિટેટર્સ દ્વારા ભારતમાં કેટલાંક કેન્દ્રોમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં અવ્યું હતું. જીઆઈટીપી ચાર માપદંડોનો બનેલો છે–ડાયરી લેખન, ધ્યાન, સફાઈ અને પ્રાર્થના. એ દરેકનું સંચાલન આખા દિવસના કાર્યક્રમ તરીકે રાખવામાં આવ્યું હતું. નાનાં જૂથોમાં અરસપરસ વાર્તાલાપ દ્વારા આત્મ નિરીક્ષણ, ગુરૂજીનાં અવતરણો અને વ્હીસ્પર્સના સંદેશાઓ દ્વારા સાધનાની ગુણવત્તા સુધારવા પર આ કાર્યક્રમ પ્રકાશ પાડે છે.



યુપીમાં, કાર્યક્રમોનું સંચાલન બીએમએ, લખનૌ, કાનપુર અને મૈનપુરી ખાતે રાખવામાં આવ્યું હતું. અલાહાબાદથી આવેલી ફેસીલિટેટર્સની ટુકડીએ ફતેહપુર અને પ્રતાપગઢ કેન્દ્રોમાં ત્રણ દિવસ માટેના કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ઓડિશામાં ભૂવનેશ્વર ખાતે વડોદરાથી આવેલા ફેસીલિટેટર્સે લીધેલી મુલાકાત દ્વારા રાખવામાં આવેલા કાર્યક્રમમાં વીસ અભ્યાસીઓ હાજર રહ્યા હતા.



હૈદ્રાબાદના ઝોનલ આશ્રમ ખાતે, ગોદાવરી ખની, શ્રીરામપુર, વારંગલ, ભોંગીર, બેલ્લામપલ્લી, ઘાનપુર, અશ્વપુર અને હૈદ્રાબાદના અભ્યાસીઓ માટે તેલુગુમાં ત્રણ દિવસમાં બે બે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું હૈદ્રાબાદના ડોમલગુડા આશ્રમમાં દર રવિવારે તેલુગુમાં એક દિવસનો કાર્યક્રમ હતો. વિજયવાડા ખાતે (એ.પી.) ચાર દિવસ માટે ચાર જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજુબાજુનાં કેન્દ્રોમાંથી ૧૦૦ અભ્યાસીઓને આવરી લેવામાં આવ્યા હતા.



કોલકાતાથી આવેલી ફેસીલિટેટર્સની ટુકડીએ સીલીગુરી અને બંદેલમાં બે દિવસના કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. એવા જ કાર્યક્રમનું આયોજન એપ્રિલ અને જૂનની વચ્ચે રાનીગંજ અને ગેંગટોક ખાતે કરવામાં આવશે.



જીઆઈટીપીના કાર્યક્રમોનું સંચાલન ગુજરાતમાં અમદાવાદના અડાલજ યોગાશ્રમમાં આઠ ઝોનના અભ્યાસીઓને આવરી લઈને, જેવા કે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ– કરવામાં આવ્યું હતું ગુજરાતના વડોદરા અને વલસાડના આશ્રમોમાં બે દિવસના ઘણા કાર્યક્રમોનું સંચાલન કરવામાં આવ્યું હતું.



તામિલનાડુમાં જુદી જુદી જગ્યાએથી આવેલા અગિયાર ફેસીલિટેટર્સે ભેગા મળીને ઉડુમલઈપેટ આશ્રમ ખાતે ક્રમવાર આવતા બે રવિવારોએ સિત્તેર અભ્યાસીઓ માટે ડાયરી લેખન પર તાલીમ માટેના કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. દસ જીઆઈટીપીઓએ એમપીમાં જાન્યુઆરીથી માર્ચ સુધી ઉજ્જૈન, વિદિશા અને ઈંદોર કેન્દ્રો સહિત સંચાલન કર્યું હતું. સૂચનાઓ અનુસાર તાલીમ માટેના કાર્યક્રમોનું સંચાલન થઈ રહ્યું હતું અને ભવિષ્યમાં આવા બીજા વધારે કાર્યક્રમો થાય એ માટેના અભ્યાસીઓ દ્વારા સૂચનો મળ્યાં હતાં.

## રાજસ્થાનના પાલીમાં વર્કશોપ



પાલી જિલ્લામાં બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તા. 23–24 માર્ચના રોજ જુદા જુદા સાત શહેરોમાંથી આવેલા લગભગ 115 અભ્યાસીઓ હાજર રહ્યા હતા. આ કાર્યશાળા સાધના અને તેને લગતા પ્રશ્નો પર આધારિત હતી. સવારના સત્સંગ પછી ગુરુજીનો વિડિયો બતાવવામાં આવ્યો હતો. 'ધ્યેય' વિષયને લગતી રજૂઆતો થઈ હતી અને રમતો રમાડવામાં આવી હતી. સમૂહ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અભ્યાસીઓએ અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ બતાવી હતી. સાંજના સત્સંગ પછી કાર્યક્રમનું સમાપન થયું હતું.

બીજા દિવસે, ગુરુજીના વિડિયોથી કાર્યશાળાની શરૂઆત થઈ હતી તે પછી તેમનાં વક્તવ્યો અને દસ નિયમો પર ચર્ચા થઈ હતી. કાર્યશાળાના એક ભાગરૂપે ભજનો અને વાંસળીવાદનનો કાર્યક્રમ પણ હતો. રોજિંદા જીવનમાં ગુરુજી પરની નિર્ભરતાને લગતી ઘણી બધી શંકાઓનું સમાધાન પ્રશિક્ષકોએ કર્યું હતું. સાંજના સત્સંગ પછી દિવસ પૂરો થયો હતો.

## આંધ્રપ્રદેશના પામારૂ ખાતે આખા દિવસનો કાર્યક્રમ

વિજયવાડાથી 30 કીમી દૂર ક્રિષ્ણા જિલ્લાની પૂર્વ દિશામાં પામારૂ એક ગામ છે. આ કેન્દ્રની શરૂઆત 2009માં ફક્ત બે અભ્યાસીઓથી થઈ હતી અને ત્યાર પછી ઝડપી વિકાસ થતાં અત્યારે ત્યાં 120 અભ્યાસીઓ છે.

વિજયવાડા કેન્દ્રની સહાયતાથી 31 મી માર્ચે આ કેન્દ્રના અભ્યાસીઓએ આખા દિવસના કાર્યક્રમનૂં આયોજન કર્યું હતું. લગભગ 180 અભ્યાસીઓ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. વિજયવાડાના સીઆઈસી, ભાઈ કે. સી. રાવે ખંતપૂર્વક કરવાના અભ્યાસની જરૂરિયાતની સાથે સાથે આપણા ગુરુજી દ્વારા આપવામાં આવતી શુક્રવારની બેઠક પર પ્રકાશ પાડતું પ્રારંભિક ભાષણ આપ્યું હતું. તેમણે તે ખંતપૂર્વક સમજાવતાં કહ્યું હતું કે જ્યાં પ્રશિક્ષક નથી, તેવાં કેન્દ્રોમાં આ અભ્યાસીઓને કેવી રીતે મદદ કરે છે. એપ્રિલમાં થનારા ભંડારાને લગતા ઘણા મુદ્દાઓ પણ રજૂ કર્યા હતા.



## છત્તીસગઢના રાયપુરમાં બહેનોનો કાર્યક્રમ

રાયપુર આશ્રમમાં, દરેક મહિનાના છેલ્લા રવિવારે કાર્યક્રમનું સંચાલન બહેનો દ્વારા કરવામાં આવે છે. 31 મી માર્ચે 'માનવ વિકાસમાં સદગુરુની ભૂમિકા' પુસ્તકમાંથી 'આગ્નાપાલન' વિષય પર ચર્ચાનું સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને તેના અર્થ અને પ્રશ્નો પર આત્મનિરીક્ષણ કરવા માટે સાંકળી લેવામાં આવ્યો હતા, જેમ કે ગુરૂજી પ્રત્યેના આગ્નાપાલનને મનમાં કેવીરીતે ઠસાવવું જોઈએ. ઉપરના પ્રશ્નો માટે અભ્યાસીઓને જૂથમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. ચર્ચાના અંતમાં એ નક્કી થયું હતું કે આધ્યાત્મિકતામાં પ્રગતિ માટે આગ્નાપાલન આવશ્યક છે અને આગ્નાધિન બનવા માટે અભ્યાસીએ દસ નિયમોનું અનુસરણ કરવું જોઈએ. આ કાર્યક્રમે અભ્યાસીઓના મનોબળનો કાયકલ્પ કર્યો હતો.

## રાજસ્થાનના ભીલવારામાં આખા દિવસનો કાર્યક્રમ

3 જી માર્ચે ભીલવારા ખાતે હાજર રહેલા 132 અભ્યાસીઓ દ્વારા સત્સંગથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. એક બહેન કે જેમણે શાહજહાનપુર ખાતે હિંદીમાં તાલીમ માટેના કાર્યક્રમમાં હાજરી આપી હતી, તેમણે પોતાનો અનુભવ કહ્યો હતો.

વિષય 'ભંડારા'નો હતો અને યુવાનોએ એક ટૂંકું નાટક ભજવ્યું હતું, જે દર્શાવતું હતું કે જીવન પસંદગીઓની સાંકળ છે અને સાચી પસંદગી અગત્યની છે. અરસપરસ ચર્ચાના કાર્યક્રમમાં અભ્યાસીઓ ભંડારા વિશેની તેમની સમજ અંગે બોલ્યા હતા. એ મંતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું કે ભંડારાઓ વિશેષ કૃપાના દિવસો છે અને જે લોકો તેમાં હાજર રહે છે, તે લોકો ભાઈચારાની ભાવના વિકસાવવાની તક પ્રાપ્ત કરે છે. વ્હિસ્પર્સમાંથી ભંડારાને લગતા સંદેશાઓ વાંચવામાં આવ્યા હતા અને તે પછી વિડિયો બતાવવામાં આવ્યો હતો. સત્સંગથી કાર્યક્રમનું સમાપન થયું હતું.






## મહારાષ્ટ્રના નાસિકમાં યુથ માટેનો કાર્યક્રમ

24 મી માર્ચે 'નેતૃત્વ' પર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેનું સંચાલન આર્ટિલરી સેન્ટર, નાસિક ખાતે એક આર્મી ઓફિસર, લેફ. કર્નલ સુધીર પરાશરેએ લગભગ 25 ભાગ લેનારાઓ માટે કર્યું હતું. ભાગ લેનારા દરેક ભાઈબહેને નેતા બનવાના અને સાચા નેતા હોવાની ખાસિયતો વિષેના તેમના વિચારો રજૂ કર્યા હતા. તેમાં એવી રજૂઆત થઈ હતી કે સાચો અને અસરકારક નેતા ઉદાહરણ પૂરું પાડીને દોરવણી આપે છે. તે પછી એવા દાખલાઓની રજૂઆત થઈ હતી, જેને વ્યક્તિ મિલીટરીના નેતૃત્વમાંથી ગ્રહણ કરી શકે.

સહજ માર્ગના યુવાનોએ શાંતિના, સુમેળના, શાંતિપૂર્ણ સહવાસના મશાલ વાહક બને, તેવી ગુરુજીની ઈચ્છાની સ્પષ્ટતા કરવામાં આવી હતી. પ્રેરક છાંટ અને જીવનના સાચા ઉદાહરણો કાયમ માટે છાપ છોડી જાય છે, યુવાનોએ ગુરૂજીના વિધાનો યાદ કર્યાં હતાં કે નેતા માત્ર માર્ગ બતાવતા જ નથી કે માર્ગ પર માત્ર ચાલતા જ નથી, પણ ખરેખર તે સ્વયં માર્ગ બની જાય છે. આપણા પ્રિય ગુરુજીની અપેક્ષા પર ખરા ઉતરવાનો તેમણે નિર્ધાર કર્યો.

## યુવાનો માટેનો કાર્યક્રમ, પશ્ચિમ બંગાળ

કોલકાતા કેન્દ્રએ 17 મી માર્ચે પંદર અભ્યાસીઓ માટે યુવાનો માટેના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કાર્યક્રમના ઉદ્દેશોનો પરિચય કરાવ્યા પછી દરેક ભાગ લેનારાઓ તરફથી પરિચયો આપવામાં આવ્યા હતા. તે પછી ગુરુજીના 'જીવનની જરૂરિયાતો અને ઈચ્છાઓ' વિશેના ભાષણની પત્રિકાઓ ભાગ લેનારાઓને આપવામાં આવી હતી. તે પછી તેઓ તે ભાષણ વિશેની તેમની સમજ કહેવા માટે પ્રોત્સાહિત થયા હતા.

જરૂરિયાતો અને ઈચ્છાઓ વચ્ચેનો તફાવત, જરૂરિયાતોના પ્રકાર અર્થાત શારીરિક, ભાવનાશીલ અને માનસિક, તે દરેક વસ્તુ જરૂરિયાતમાંથી ઈચ્છા તરફ કેવી રીતે ઘસડાઈ જાય છે અને સહજ માર્ગ ઈશ્વર સાથે તે જરૂરિયાત ઈશ્વર સાથે પરિપૂર્ણ કરી શકે છે, તે ચર્ચાનાં મુખ્ય પાસાંઓ હતાં.

## ગૃહ સંમેલન, ગુવાહાટી, આસામ

ગુવાહાટીના સાડત્રીસ યુવા અભ્યાસીઓ એક અભ્યાસીના ઘરમાં સંમેલન માટે ભેગા થયા હતા. ગુવાહાટી ખાતે સ્વયંસેવા કરવા વિષે ચર્ચા કરવામાં આવી હતી અને 2012ના નિબંધના પરિણામની સમીક્ષા કરવામાં આવી હતી. શૈક્ષણિક સંસ્થાઓને હવે પછી થનારી નિબંધ સ્પર્ધામાં પ્રેરણા આપવા માટે જરૂરી પગલાં લેવા બાબતમાં ચર્ચા કરવામાં આવી હતી. નિયમિત ઓપન હાઉસ અને નવા અભ્યાસીઓ માટે દર મહિને આશ્રમનો અસરકારક રીતે ઉપયોગ કરવા માટે આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

સંમેલન દરમિયાન, આપણા પોતાના જ વિકાસ માટે ગુરુજીના કાર્યમાં ભાગ લેવાની જરૂરિયાત વિષે ચર્ચા કરવામાં આવી હતી. ગુરુજીના કાર્યમાં ભાગ લેવાથી, વ્યક્તિ સહનશીલતા, ભાઈચારો, આજ્ઞાપાલન કરવાનું શીખે છે અને અજાણતાં પણ આપણે સતત સ્મરણમાં રહીએ છીએ, જે આપણી આધ્યાત્મિક સફર માટે અગત્યનું છે. સંમેલનથી બધા જ અભ્યાસીઓ વચ્ચે ભાઈચારાની દ્રઢ ભાવના મનમાં વસી ગઈ હતી.



## યુવાનો માટેનું સંમેલન, ભીલવરા, રાજસ્થાન

24 મી માર્ચે યુવાનો માટેના સંમેલનમાં સોળ અભ્યાસીઓ 'ધ્યેય' વિષય પર ચર્ચા કરવા હાજર રહ્યા હતા. મનુષ્ય જીવનનું ધ્યેય, આધ્યાત્મિક અભ્યાસમાં ગુરુનું મહત્ત્વ, ધ્યાન કરવાની



જરૂરિયાત, સફાઈની પ્રક્રિયા, સૂતી વખતે કરવાની પ્રાર્થના અને સતત સ્મરણના વિષયો પર સવાલ–જવાબના ચર્ચાના કાર્યક્રમ માટે ઉત્તેજન આપવામાં આવ્યું હતું. 'સહજ માર્ગનાં મૂળ તત્ત્વો' પુસ્તકમાંથી અવતરણો વાંચવામાં આવ્યાં હતાં. પોતાની સમજ અને ખરેખર તે શું છે, તે બે વચ્ચેના ગાળાનું અનુસંધાન કરવાનું ચર્ચાનું લક્ષ્ય હતું.

માર્ચના છેલ્લા રવિવારે ધ્યાન પછી યુવાનોનું સંમેલન રાખવામાં આવ્યું હતું. મિશનની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા યુવાનોનો વધારો કેવી રીતે કરવો તેની ચર્ચા કરવા માટે તેર અભ્યસીઓએ હાજરી આપી હતી. અભ્યાસીઓએ દર રવિવારે, ધ્યાન પછી રોકાવાનું નક્કી કર્યું હતું. જે અભ્યાસીઓ નિયમિત નથી, તેમની તેઓ મુલાકાત લેશે. આવી મુલાકાતો તેઓ એ અભ્યાસીઓની મદદથી યોજશે, કે જેમણે તેઓને સહજ માર્ગનો પરિચય કરાવ્યો હતો. આશા રાખવામાં આવી હતી કે આનાથી તેમને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ કહેવામાં અને તેને ઉત્સાહપૂર્વક ચાલુ રાખવામાં મદદરૂપ થશે.

## નવાં પ્રકાશનો



હાર્ટ સ્પીક 2010
તેલુગુ
તામિલ
મરાઠી
મલયાલમ
કન્નડા
હિંન્દી
ગુજરાતી.


## નવી નિમણૂંકો

### બહેન જનની સુબ્રમનિયન


મેનેજર– એચઆરડી, મિશનના મુખ્ય કેન્દ્ર ખાતે

### ભાઈ ઈંદુશેખરન વી. પીલ્લાઈ

સીઆઈસી થીરૂવનંથપુરમ સેન્ટર



વ્હીસ્પર્સ ફ્રોમ ધી બ્રાઈટર વર્લ્ડ
પાંચમું પ્રગટિકરણ.



માય માસ્ટર
તામિલ, હિંન્દી.



રોલ ઓફ ધી માસ્ટર ઈન હ્યુમન ઈવોલ્યુશન
મરાઠી, કન્નડા, મલયાલમ.





હાર્ટ સ્પીક 2012
ઈંગ્લીશ.




હાર્ટ સ્પીક 2008
કન્નડા.




ડાઉન મેમઅરી લેન
વોલ. 1 – તેલુગુ.





કમ્પ્લીટ વર્કસ ઓફ રામ ચંદ્ર
(લાલાજી મહારાજ) વોલ. 2 – તેલુગુ.





ધી સ્પાઈડર્સ વેબ વોલ. 2
ઈંગ્લીશ





પ્રોસીડિન્ગ્સ ઓફ ફર્સ્ટ ક્રેસ્ટ
સેમિનાર - ઈંગ્લીશ





રોલ ઓફ ધી માસ્ટર ઈન હ્યુમન ઈવોલ્યુશન
એમપીંગ – ઈંગ્લીશ.





કોલ ઓફ ધી ડિવાઈન
ડીવીડી – ઈંગ્લીશ.





લાઈફ ઓફ બાબુજી
ડીવીડી – હિંદી.





જર્ની ઈન ટુ ધી હાર્ટ
ડીવીડી – ઈંગ્લીશ





હાર્ટ સ્પીક 2011
ડીવીડી – ઈંગ્લીશ.





ધી હાર્ટ ઓફ લવ
ડીવીડી – ઈંગ્લીશ.





સતખોલ – હેવન ઓન અર્થ
ડીવીડી – ઈંગ્લીશ.





મોમેન્ટસ વીથ ધી બીલવેડ
ડીવીડી – ઈંગ્લીશ.




મેસેજ ઓફ ધી હાર્ટ
ડીવીડી – ઈંગ્લીશ.




લવ એન્ડ ડેથ
એમપીંગ – ઈંગ્લીશ.




માય માસ્ટર
એમપીંગ – ઈંગ્લીશ, હિંદી, તામિલ.




હાર્ટ સ્પીક 2007
એમપીંગ – ઈંગ્લીશ.

# અમલાપુરમ આશ્રમ, આંધ્ર પ્રદેશ.

## પ્રકાશનું કેન્દ્ર



આંધ્ર પ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લામાં, રાજમુન્દ્રી શહેરથી ૬૦ કીમી દૂર મધ્યમ કદનું અમલાપુરમ શહેર છે. કાકીનાડા અને રાજમુન્દ્રી નામના બે મુખ્ય શહેરો અમલાપુરમને જોડે છે. ભારતમાં આ આશ્રમ જૂનામાં જૂનો છે અને આંધ્રપ્રદેશમાં બાંધવામાં આવેલો તે ત્રીજો આશ્રમ છે. ચાર દાયકાથી તે આધ્યાત્મિકતાનું કેન્દ્ર રહ્યો છે. કેન્દ્રની શરૂઆત ૧૯૭૧માં એક અભ્યાસી પી.બી. રામાડુ દ્વારા થઈ હતી. મિશનમાં તેઓ ૧૯૬૯માં જોડાયા હતા અને તેમના મિત્ર ડો. અપ્પારી રામક્રિષ્ણને મિશનનો પરિચય કરાવ્યો હતો. પછીથી તેઓ કેન્દ્રના પહેલા પ્રશિક્ષક બન્યા હતા અને લગભગ પંદરથી વીસ અભ્યાસીઓ સાપ્તાહિક સત્સંગ માટે તેમના નિવાસમાં હાજરી આપતા હતા. તેમણે આશ્રમ બાંધવા માટે અમલાપુરમ નગરપાલિકામાં ૪૮૪ ચોરસવારની જગ્યા માટે દરખાસ્ત મૂકી હતી. બાબુજી મહારાજ પાસેથી પરવાનગી મેળવ્યા પછી અભ્યાસીઓએ કરેલા ઉદાર દાનની મદદથી જગ્યા ખરીદવામાં આવી હતી. જગ્યા સરકારી બસ સંકુલથી ૧ કીમી દૂર છે.

કેટલાક વખત પછી ૧૦ મી માર્ચે ૧૯૮૨માં સીઆઈસી શ્રી વી. પી. ડી. નાગેશ્વરે આશ્રમનું મકાન બાંધવા માટે શિલાન્યાસ કર્યો હતો. બાંધકામ અઢાર મહિનામાં પૂર્ણ થયું હતું. જ્યારે બાબુજી મહારાજ પાસેથી સમાચાર મળ્યા કે તેનું ઉદઘાટન થઈ ગયું છે, ત્યારે અભ્યાસીઓએ તે જગ્યાનો ઉપયોગ ધ્યાન માટે કરવાનું શરૂ કર્યું હતું. પાછળથી કસ્તુરી બહેને તે કેન્દ્રની મુલાકાત લીધી ત્યારે તેમના દ્વારા આશ્રમનું વિધિવત ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

૯ ફૂટના પરસાળ સહિત ધ્યાન કક્ષનું કદ ૨૨ બાય ૩૨ ફૂટ છે. તેના ચારે ખૂણામાં ચાર દરવાજા છે અને પહેલા માળે બે ઓરડા છે. હાલમાં, આ ઓરડાઓનો ઉપયોગ બાળકો માટે, પુસ્તકાલય અને આશ્રમ ઓફિસ તરીકે થાય છે. ગુરુજીની પરવાનગીથી અને ઝેડઆઈસી ભાઈ મધુ કોથપલ્લીના સહકારથી ૨૦૧૦-૨૦૧૧માં આશ્રમ ઈમારતોમાં, રસોડા અને સંડાસના બાંધકામમાં વધારો કરવામાં આવ્યો હતો. અહીં રવિવારના સત્સંગમાં લગભગ એંસી અભ્યાસીઓ હાજર રહે છે. દર બીજા રવિવારે, આશ્રમમાં આખા દિવસનો કાર્યક્રમ હોય છે. આ કેન્દ્રમાં બે પ્રશિક્ષકો છે.

રાઝોલ, જગ્ગન્નપેટા, નરસાપુર અને યનામ જેવાં બીજાં પેટા કેન્દ્રોથી આ આશ્રમ વધારે નજીક છે. ગુરુજીએ આ આશ્રમની મુલાકાત ૧૬ મી એપ્રિલ ૧૯૮૯માં, તેમનાં પત્ની બહેન સુલોચના સાથે કરી હતી અને ત્યાં તેઓ બે દિવસ રોકાયા હતા.






To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2013 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.